# એ જે સૂક્ષ્મ છે, એ જે મહાન છે

૧ ફેબ્રુઆરી, ૨૦૧૮

આત્મીય પાઠકો,

નમસ્કાર. મહાશિવરાત્રીના આ મહિનામાં આપનું સ્વાગત.

જો તમે તમારી આંખો બંધ કરો, તો કદાચ તમે હજીપણ તેને સાંભળી શકશો : શ્રીગુરુમાઈનો અવાજ — જેણે સૂર્યપ્રકાશથી ચમકતા એક શબ્દને નાદનું રૂપ આપ્યું છે, જેણે એ શબ્દને એવી સુંદરતા તેમજ લયથી ભરી દીધો છે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે; તેમના અવાજે એ શબ્દને એવી શક્તિથી ભરી દીધો છે જે રહસ્યમય પણ છે અને સુપરિચિત પણ છે. ‘‘સત્સંગ’’. તે ગુંજતો રહે છે.

૧ જાન્યુઆરીએ, આપણે એક મધુર સરપ્રાઈઝ સત્સંગમાં શ્રીગુરુમાઈ પાસેથી વર્ષ ૨૦૧૮ માટે તેમનો આ દિવ્ય સંદેશ પ્રાપ્ત કર્યો. ત્યારથી તમારાંમાંથી ઘણાં લોકો આ સંદેશનાં વિભિન્ન રૂપોનું બારીકાઈથી અવલોકન કરી રહ્યાં છે અને એ પણ ધ્યાનથી જોઈ રહ્યાં છે કે સંદેશ સાથે જોડાયેલી કઈકઈ વસ્તુઓ તમારા માટે ઉજાગર થઈ રહી છે. તમે એકબીજા સાથે તમારી સમજ વિશે ચર્ચા કરી રહ્યાં છો અને અહીં સિદ્ધયોગ પથ વેબસાઈટ પર તમારી સમજ વ્યક્ત કરી રહ્યાં છો. કદાચ તમે તમારી દૈનંદિનીમાં પણ લખી રહ્યાં હશો — કવિતાઓ, લખાણો અને જુદાજુદા વિચારના અંશો. અથવા બની શકે કે તમે થોડો સમય કાઢીને બેઠા હશો, સંદેશ પર ચિંતન કરવા માટે, તેને વધુ ઊંડાણથી સમજવા માટે કે ‘સત્સંગ’નો તમારા માટે શું અર્થ છે, અથવા તમે તમારા અંતરના અથાગ જ્ઞાનકુંડમાં ડૂબકી લગાવી રહ્યાં હશો, એ જાણવા માટે કે કેવી રીતે *તમે* ગુરુમાઈજીની આ શિખામણનું પાલન કરશો — તમે જ્યાં પણ હો અને જ્યારે પણ ઇચ્છો, કઈ રીતે તમારા પોતાના સત્સંગની રચના કરી શકો છો.

હું તમને ફેબ્રુઆરી મહિનામાં તમારા અન્વેષણને હજુ આગળ લઈ જવા માટે; તેને હજુ ઊંડાણમાં લઈ જવા માટે આમંત્રિત કરું છું. ઉદાહરણ તરીકે તમારા પોતાના સત્સંગની રચના કરવાની ક્ષમતા હોવાનો શું અર્થ છે? કોઈપણ સમયે સત્યની સંગતિમાં રહેવાનો શું અર્થ છે? એ સત્યના સ્વરૂપ વિશે શું પ્રગટ કરે છે?

કદાચ તમે તેનો ઉત્તર જાણતા હશો. બની શકે કે તમે કહો, પરમ સત્યમાં બધું જ સમાયેલું છે, તે સર્વવ્યાપક છે; તે સર્વત્ર છે, દરેક વસ્તુમાં છે, દરેક ક્ષણમાં વિદ્યમાન છે. તેમ છતાં, શું વ્યવહારિકરૂપે તે હંમેશાં એટલું સ્પષ્ટ અને સરળ લાગે છે? જ્યારે *તમારા પોતાના* જીવનની અને તમારી પોતાની અંગત પરિસ્થિતિઓની વાત આવે છે, જ્યારે કોઈ સ્થિતિમાં તમને લાગે કે તમે તમારા ગૂંચવણભર્યાં વિચારો અને તેજ ગતિથી ધડકતા હૃદય સાથે એકલા પડી ગયા છો, ત્યારે શું થાય છે? ત્યારે શું તમને પરમ સત્યની યાદ આવે છે? શું તમને એવું લાગે છે કે તે તમારી પહોંચની બહાર છે? શું તમને એવું લાગે છે કે પરમ સત્ય ક્યાંક જતું રહ્યું છે?

આ **મહાશિવરાત્રી**નો મહિનો છે, તેથી આપણી પાસે આ પ્રશ્નો પર વિચાર કરવા માટે એક શ્રેષ્ઠ સંદર્ભ છે. દેવાધિદેવ ભગવાન શિવ, પરમ સત્યના મૂર્તરૂપ છે. કૈવલ્ય ઉપનિષદમાં ભગવાનનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે :

> *હું સૂક્ષ્માતિસૂક્ષ્મ છું. હું મહાન છું. હું આ વૈવિધ્યપૂર્ણ વિશ્વ છું. હું પુરાતન છું. હું પરમ પુરુષ છું. હું ઈશ છું, શાસક છું. હું હિરણ્મય (સ્વર્ણમય) છું. હું શિવ છું.*[1]

"હું સૂક્ષ્માતિસૂક્ષ્મ છું. હું મહાન છું. હું આ વૈવિધ્યપૂર્ણ વિશ્વ છું." આ વર્ણનમાં એક વાત ઘણી સ્પષ્ટ છે. આ બ્રહ્માંડ જે તંતુઓથી બનેલું છે, તે જ તાણાવાણામાં પરમ સત્ય એવી રીતે ગૂંથાયેલું છે કે તે તમારી સામે જ છે અને સાથેસાથે એક વિરોધાભાસી વાત એ છે કે આપણે તેની અનુભૂતિ કરવાનું ઘણી સરળતાથી ચૂકી પણ શકીએ છીએ. જેટલી વ્યાપકતાથી તે દેખાય છે, તેટલું જ તે છુપાયેલું પણ છે. આના વિશે મારા મનમાં એક એવી વ્યક્તિનું ચિત્ર આવે છે જે પોતાની એક અતિઆવશ્યક વસ્તુ શોધવાનો પ્રયત્ન કરી રહી છે — જેમકે ગળાનો હાર (ભારતીય શાસ્ત્રોમાં પ્રાયઃ આ ઉદાહરણ આપવામાં આવે છે) અથવા કોઈ વસ્તુ જેમકે તેના ચશ્મા. એ વ્યક્તિ તેને અહીંતહીં, બધે જ શોધે છે; તે ખૂબ જ વ્યાકુળ થઈને શોધે છે અને તેની જોવાની, માત્ર *જોવાની* તેની ઇચ્છા વધુ ને વધુ પ્રબળ થતી જાય છે. અને જ્યારે તે થોડું થોભીને તેનું ધ્યાન પોતાની તરફ લાવે છે, ત્યારે તેને સમજાય છે કે આખો વખત તેના ચશ્મા તો તેણે પોતાના હાથમાં જ પકડી રાખ્યા હતા.

તેથી હા, પરમ સત્ય બધે જ છે. તે સવારે ઘાસ પર દેખાતાં ઝાકળનાં મોટાંમોટાં સુંદર ટીપાંઓમાં છે. તે અસ્ત થતા સૂર્યનાં લાલ-ગુલાબી તેજમાં છે અને નિશ્ચિતરૂપે તે ચંદ્રની એ ચમકતી કળામાં છે, જે આપણને મહાશિવરાત્રી પર મંત્રમુગ્ધ કરી દેશે. તે દુઃખની એ વેદનામાં પણ છે જે અચાનક જ આપણા પર છવાઈ જાય છે; તે દુઃખની એ લાગણીમાં છે જે થોડા સમય માટે આપણને ઘેરી લે છે; તે શાંત, છતાં જીવંતતાથી ભરેલા આનંદની એ ક્ષણમાં પણ છે.

આ પરિસ્થિતિઓમાં નિહિત પરમ સત્યનો ખરેખર અનુભવ કરવા માટે આપણે આપણી દૃષ્ટિને, આપણા બોધને શુદ્ધ કરવો પડશે. આપણે આપણી દૃષ્ટિને, આપણા બોધને એટલે શુદ્ધ કરવો પડશે જેથી આપણે 'એ વસ્તુ'ની ઝલક મેળવી શકીએ જે આ પરિસ્થિતિઓમાં વિદ્યમાન છે અને એક સૂક્ષ્મ તંતુની જેમ ચમકે છે અને આપણને આશા તથા સમજ આપે છે, આગળ વધવાનો માર્ગ બતાવે છે. નહીં તો, ઝાકળ આપણને માત્ર પાણીનાં સુંદર ટીપાં સમાન લાગે છે અને આપણે સૂર્યાસ્ત તો જોઈએ છીએ પણ તેનો પૂર્ણ અલૌકિક વૈભવ નથી જોઈ શકતા.

એટલા માટે જ ગુરુમાઈજી આપણને સત્સંગ કરવાનું શીખવે છે. એટલા માટે એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે કે આપણે સત્સંગ કરવાની આદત બનાવી લઈએ, તેને એક અભ્યાસ બનાવી લઈએ. દરરોજ થોડી મિનિટ માટે પણ, અંતરમાં રહેલા પરમ સત્યના સાન્નિધ્યમાં રહેવા માટે સમય કાઢો. આના પર ધ્યાન આપો કે શું કરવાથી અથવા શું ન કરવાથી તમને પરમ સત્ય સાથે સંપર્ક સ્થાપિત કરવામાં મદદ મળે છે. એ શીખો કે તમને પરમ સત્ય કેવું દેખાય છે, તેનો ધ્વનિ કેવો છે, તેનો અનુભવ કેવો છે. શું તે પરમ શાંતિ છે? શું એ છલકાઈ રહેલો આનંદ છે?

શું એ અંતરમાંથી ઉભરાતો આહ્લાદિત પ્રવાહ છે જેની અનુભૂતિ તમે ગાતી વખતે, ચિત્ર દોરતી વખતે અથવા લખતી વખતે કરો છો?

તમારા અંતરમાં સ્થિત સત્યના સાન્નિધ્યમાં રહેવા માટે તમે જેટલો વધારે પ્રયત્ન કરો છો, અંતર અને બાહ્ય જગત પ્રત્યેનો તમારો દષ્ટિકોણ તેટલો જ વ્યાપક થતો જાય છે અને તમારી વિવેકબુદ્ધિ તેટલી જ વધારે તીવ્ર થતી જાય છે. કૈવલ્ય ઉપનિષદમાં ભગવાનને 'સૂક્ષ્મ' તેમજ 'મહાન' પણ કહેવામાં આવ્યા છે. આ શબ્દોનો એક અર્થ એ પણ છે કે બની શકે પરમ સત્યની અનુભૂતિ કરવા માટે થોડો સમય અને શક્તિ લાગે પણ જે ક્ષણે તમે તેને જુઓ છો, તમને *વાસ્તવમાં* તેનાં દર્શન થઈ જાય છે. તે બિલકુલ સ્પષ્ટ હોય છે.

મને એ સમય યાદ આવી રહ્યો છે જ્યારે થોડાં અઠવાડિયા પહેલાં અમે શ્રી મુક્તાનંદ આશ્રમમાં શ્રીગુરુમાઈ સાથે એક સત્સંગમાં ભાગ લીધો હતો. અમે શ્રીગુરુગીતાનો પાઠ કરી રહ્યાં હતાં અને એક સમયે પાઠની ગતિ થોડી ધીમી પડવા લાગી. ગુરુમાઈજીએ સ્મિત કરીને સંગીત-નિર્દેશકને (કંડકટર) કહ્યું કે તે મેટ્રોનોમનો (સંગીતની ગતિ માપવાના યંત્ર) ઉપયોગ કરે, જેથી ગાવાની ગતિ જાળવી રાખવામાં મદદ મળે. ગુરુમાઈજીએ તેને કહ્યું, ''લયબદ્ધતામાં આનંદ છે.''

મેં આ શિખામણ પર બહુ ચિંતન કર્યું છે. આ શિખામણમાં કેટલી કરુણા છે; એ જે સંદર્ભમાં આપવામાં આવી હતી, તેનાથી પણ ઘણી વધુ વ્યાપક છે અને સાધના માટે એક ઉત્કૃષ્ટ ઉપમા છે. દઢતા અને નિયમિતતા બનાવી રાખવાથી, અનુશાસનનું પાલન કરવાથી આપણા અંતરમાં જે લય સતત સ્પંદિત થઈ રહ્યો છે તેમાં સ્થિર થવાનો અભ્યાસ કરતા રહેવાથી આપણને આપણા અસ્તિત્વમાં મોકળાશ અને આપણા સંસારમાં વિસ્તારના ભાવનો અનુભવ થાય છે. ત્યારે આપણે સંગીતમાં નિહિત મૌન સાંભળવા લાગીએ છીએ, આપણે રોજબરોજના અવાજમાં પણ નિઃશબ્દતાને સાંભળવા લાગીએ છીએ. આપણે એ અદશ્ય તંતુઓને, એ મજબૂત સોનેરી દોરાને જોવા લાગીએ છીએ જે આ ક્ષણને આવનારી ક્ષણ સાથે તેમજ આપણામાંથી દરેકને એકબીજાં સાથે જોડે છે. આપણે તેને સ્પર્શ કરી લઈએ છીએ, જે 'સૂક્ષ્માતિસૂક્ષ્મ' છે; આપણે તેને સ્પર્શી લઈએ છીએ જે 'મહાન' છે.

* * *

તો આપણે ફેબ્રુઆરી મહિનામાં છીએ, જે શ્રીગુરુમાઈના સંદેશનો અભ્યાસ કરવા માટેના અવસરોથી ભરેલો છે. ફેબ્રુઆરી મહિનામાં એવા અવસરો છે જે આપણને વારંવાર યાદ અપાવે છે કે આપણે અંતરમાં વળીએ, આપણા હૃદયમાં રહેલા પરમ સત્યને જાણીએ, ત્યાં નિવાસ કરતા ભગવાનની સંગતિ હંમેશાં બનાવી રાખીએ.

જેમકે મેં પહેલાં કહ્યું, આ મહાશિવરાત્રીનો મહિનો છે — એ રાત્રિ જ્યારે ભગવાન શિવની જટામાં શોભતો અર્ધચંદ્ર આપણા તરફ સ્મિત કરે છે; એવું કહેવાય છે કે આ રાત્રિએ કરવામાં આવતી ભગવાન શિવની આરાધના અને તેમના નામજપનું ફળ હજારગણું હોય છે. વર્ષ ૨૦૧૮માં, આપણે ૧૩ ફેબ્રુઆરીએ મહાશિવરાત્રીનો ઉત્સવ મનાવીશું. (તમે વેબસાઇટ પર આપવામાં આવેલી મહાશિવરાત્રીની વાર્તા પણ વાંચી શકો છો)

આ વર્ષે, મહાશિવરાત્રી પછી તરત, બીજે જ દિવસે, 'સેંટ વૅલન્ટાઇન્સ ડે' છે. સંતો અને ઋષિમુનિઓ આપણને કહે છે કે અંતતઃ પરમ સત્ય પ્રેમસ્વરૂપ છે — એવો પ્રેમ જે આપણો સ્વભાવ જ છે, જે કોઈપણ બાહ્ય પ્રેરણા પર આશ્રિત નથી અને જો આપણે તેને ધ્યાનથી જોઈશું તો જાણીશું કે તે અબાધિત રૂપે આપણા અંતરમાં વહી રહ્યો છે. સિદ્ધયોગ પથ પર આપણે 'વૅલન્ટાઇન્સ ડે' પર આ જ પ્રેમનું સન્માન કરીએ છીએ અને તેનો ઉત્સવ મનાવીએ છીએ.

અને હા, જો તમે પણ મારી જેમ વિચારતા હશો તો અહૈતુક પ્રેમનો વિચાર માત્ર તમને ગુરુમાઈજીની યાદ અપાવશે. એટલે આ જણાવતા મને ખૂબ જ સન્માન અને ખુશીનો અનુભવ થઈ રહ્યો છે કે આ વર્ષે આપણે ગુરુમાઈજીના 'લવ ઇન એક્શન' (દરેક કૃત્યમાં પ્રેમ) દ્વારા વૅલન્ટાઇન્સ ડે ઉજવી શકીશું, જે શીઘ્ર સિદ્ધયોગ પથ વેબસાઈટ પર આવી રહ્યું છે.

અને ૧૬ ફેબ્રુઆરીએ — મહાશિવરાત્રી અને વૅલન્ટાઇન્સ ડેના જ અઠવાડિયામાં — ચાઈનીઝ નવવર્ષનો આરંભ થશે. સિદ્ધયોગ પથ પર જે રીતે આપણે નવીન આરંભોની અભિસ્વીકૃતિ કરીએ છીએ, એ જ રીતે આ દિવસ પણ આપણા માટે એક સૂચક છે કે આપણે આપણા સંકલ્પને ફરી નવીન કરીએ, આપણી આધ્યાત્મિક સાધનામાં વધારે ઉત્સાહ અને તત્પરતા લાવીએ અને સાથેસાથે તેને નવીનતાના ભાવથી ભરી દઈએ.

તો, મહાશિવરાત્રી, વૅલન્ટાઇન્સ ડે, ચાઈનીઝ નવવર્ષ — આ બધા મંગલમય પર્વ છે, શ્રીગુરુમાઈના સંદેશનો અભ્યાસ કરવા માટે. આ બધાં જ શુભ અવસર છે એ પરમ સત્યને જાણવા માટે જે આપણી દૃષ્ટિથી ઓઝલ હોવા છતાં, આપણા અંતરમાં અને આપણી આસપાસ બધે જ ઝગમગી રહ્યું છે.

અને. . . *આજનો* દિવસ પણ ગુરુમાઈજીના સંદેશનો અભ્યાસ કરવા માટે ઉત્તમ સમય છે. આવતીકાલ પણ ગુરુમાઈજીના સંદેશનો અભ્યાસ કરવા માટે આમંત્રિત કરી રહી છે. અને તેના પછીનો દિવસ તો તમને સત્સંગ કરવા માટે બોલાવી રહ્યો છે. સાચું કહું તો, સત્સંગની રચના કરવા માટે કોઈ વિશેષ કારણની જરૂર નથી, કોઈ વિશેષ પ્રોત્સાહનની પણ જરૂર નથી. તેના માટે તો તમારી પોતાની લલક — સત્યને જાણવા માટેની તમારી લલક, તેને સમજવા માટેની તમારી ઇચ્છા, સત્યની સંગતિમાં રહેવાની તમારી ઉત્કંઠા પર્યાપ્ત છે. આ મહિનામાં ભગવાન શિવની આરાધના કરતા રહીને, આ મહિનામાં પ્રેમના રૂપે ભગવાનનું કીર્તિગાન કરતા રહીને,આપણે આપણી એ લલકને પૂરી કરવા માટે કદમ ઉઠાવીએ.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

[1] કૈવલ્ય ઉપનિષદ, શ્લોક ૨૦. અંગ્રેજી ભાષાંતર © ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.